૨૨

૧. મંત્રીશ્રીનો હોદ્દો અને ગૃહમાં જવાબ માગવાની તારીખ પ્રશ્નમાં જણાવી હશે નહીં તો પ્રશ્ન વિચારણામાં લઇ શકાશે નહિ.

૨. આપના પ્રશ્નો એક જ દિવસ માટે એક કરતાં વધારે હોય તો *અગ્રતા સામે ક્રમ દર્શાવવો.

# તારાંકિત પ્રશ્ન

અગ્રતા | ૨

શ્રી : કીરીટકુમાર પટેલ

મતદાર વિભાગ : ૧૮-પાટણ

સ્થળ : ગાંધીનગર

તારીખ : 19 FEB 2020

પ્રતિ,

સચિવશ્રી,

ગુજરાત વિધાનસભા સચિવાલય,

ગાંધીનગર.

શ્રીમાન, પ્રધાનમંત્રી ફસલ યોજનામાં ખેડૂતો પાસેથી ફરજીયાત વીમા પ્રિમિયમ વસુલ કરવા બાબત

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૭૪ અન્વયે હું સુચના આપું છું કે, તારીખ ૨૯-૩-૨૦૨૦ ના રોજ કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના માનનીય મંત્રીશ્રીને હું ગૃહમાં પ્રશ્ન પૂછીશ.

આપનો વિશ્વાસુ,

સભ્ય,

ગુજરાત વિધાનસભા.

પ્રશ્ન ક્રમાંક : ૩૦૩૦૪

આ જગ્યા ફક્ત કચેરીના ઉપયોગ માટે છે તેથી માનનીય સભ્યશ્રીએ અહીં લખાણ કરવું નહિ.

સાદર,

રજૂ દાખલ કરવામાં આવે.

૨૦/૨/૨૦

૨૦/૨

માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) પ્રધાનમંત્રી ફસલ યોજના બીમાની ભારત સરકારની માર્ગદર્શિકા તેમજ રાજય સરકારના ઠરાવો મુજબ નિયત સમય-મર્યાદામાં વીમા પાત્ર નોટીફાઇડ પાકોનું ધિરાણ મેળવેલ હોય તેવા ખેડૂતો પૈકી ઓનલાઇન અરજી ન કરનાર ખેડૂતોનું પણ વીમા પ્રિમિયમ ફરજીયાત વસુલી રાજય સરકાર નિયુક્ત કરેલ વીમા કંપનીને ચૂકવે છે, તે હકીકત સાચી છે કે કેમ;

(૨) જો હા, તો ઉક્ત ખેડૂતો પાસેથી ફરજીયાત વીમા પ્રિમિયમ વસુલવાના શાં કારણો છે, અને

(૩) તા.૩૧/૧૨/૨૦૧૯ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ઉક્ત વીમા પાત્ર નોટીફાઇડ પાકોનું ધિરાણ મેળવતાં ખેડૂતો પાસેથી ફરજીયાત પ્રિમિયમ વસુલ કરવાની (ગંભીર) ફરીયાદ નિવારવાં સરકારે શી કાર્યવાહી કરી છે?

56423

54795